# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

Website : www.jainshikshan.org E mail : jainshikshanboard@gmail. com

૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦

સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.
૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.

## શ્રેણી – ૧૪

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૦)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) પાઠપૂર્તિ કરો.** (૬)

૧. જત્તા **ભે જવણિજ્જં ચ ભે ખામેમિ ખમાસમણો** દેવસિયં

૨. સિરસાવત્તં **મત્થએ અંજલિકટ્ટુ એવં વયાસી નમોત્થુણં** અરિહંતાણં

૩. છહિં લેસાહિં **કિણ્હ લેસાએ નીલ લેસાએ કાઉ લેસાએ તેઉ લેસાએ** પઉમ લેસાએ

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** (૪)

૧. બીજા શ્રમણસૂત્રમાં પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય અને ત્રસકાયની વિરાધના થઈ હોય તેવું બતાવતા શબ્દો કયા છે? અર્થ સાથે લખો. (૩)

**પૃથ્વીકાય – રય સંસટ્ઠહડાએ – સચેત રજથી સ્પર્શવાળી ભિક્ષા લેવા વડે**

**અપ્કાય – દગ સંસટ્ઠહડાએ – સચેત પાણીના સ્પર્શવાળી ભિક્ષા લેવા વડે**

**વનસ્પતિકાય – બીય ભોયણાએ – બીજવાળું ભોજન લેવા વડે,**

**હરિય ભોયણાએ – લીલોતરીવાળું ભોજન લેવા વડે**

**ત્રસકાય – સાણા વચ્છા દારા સંઘટ્ટણાએ – કૂતરા, વાછરડા, બાળકને અડીને કે ઓળંગીને જવા વડે**

**પાણ ભોયણાએ – પ્રાણીવાળું ભોજન લેવા વડે**

૨. અ પરથી આવતા ભયના નામ લખો. **અકસ્માત ભય, અપયશ ભય.** (૧)

પ્ર.૨ (અ) પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે લખો. (૩૦)

(૧) નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૫)

૧. સયં સહસ્સાણ ઉ જોયણાણં, તિકંડગે પંડગવેજયંતે ।

સે જોયણે ણવણવઇ સહસ્સે, ઉડ્ઢુસ્સિતો હેટ્ઠ સહસ્સ મેગં ॥

અર્થ : તે મેરુ પર્વત એક લાખ યોજનનો ઊંચો છે. તેમાં ત્રણ કાંડ છે. ટોચ ઉપર પંડગવન ધ્વજની માફક શોભી રહ્યું છે. તે મેરુ પર્વત ૯૯,૦૦૦ યોજન જમીનથી ઊંચો અને ૧,૦૦૦ યોજન નીચે જમીનમાં ઊંડો છે. (મેરુની જેમ પ્રભુ રત્નત્રયના ત્રણ કાંડથી, ધ્વજની જેમ તીર્થંકર નામકર્મથી સુશોભિત હતા. અહિંસા વગેરે સિદ્ધાંતથી તેઓ ઊર્ધ્વમુખી હતા.)

૨. અણુત્તરગ્ગં પરમં મહેસી, અસેસકમ્મં સ વિસોહઇત્તા ।

સિદ્ધિં ગએ (ગઇ) સાઇમણંતપત્તે, નાણેણ સીલેણ ય દંસણેણ ॥

અર્થ : તે મહર્ષિ (મહાવીરદેવ) સમસ્ત કર્મોને ખપાવીને, જ્ઞાને (ક્ષાયિક) કરી, ચારિત્રે કરી, (કેવળ) દર્શન કરી, સર્વોત્તમ, લોકને અગ્રભાગે ઉત્કૃષ્ટ સાદિ અનંત ભાંગે સિદ્ધિગતિને પામ્યા.

૩. થણિયં વ સદ્દાણ અણુત્તરે ઉ, ચંદો વ તારાણ મહાણુભાવે ।

ગંધેસુ વા ચંદણમાહુ સેટ્ઠં એવં મુણીણં અપડિણ્ણ માહુ ॥

અર્થ : જેમ શબ્દમાં મેઘગર્જના, તારાઓમાં ચંદ્ર, સુગંધમાં ચંદન શ્રેષ્ઠ છે, તેમ મુનિઓમાં લોક-પરલોકની આકાંક્ષા રહિત શ્રી ભગવાન મહાવીર શ્રેષ્ઠ હતા.

૪. સે સવ્વદંસી અભિભૂયનાણી, નિરામગંધે ધિઇમં ઠિયપ્પા ।

અણુત્તરે સવ્વજગંસિ વિજ્જં, ગંથા અતીતે અભએ અણાઉ ॥

અર્થ : તે ભગવાન મહાવીર સમસ્ત જગતને દેખવાવાળા, કેવળજ્ઞાન, કેવળદર્શનના ધારક, મૂળ-ઉત્તર ગુણોથી વિશુદ્ધ સંયમના પાલક, ધૈર્યતાવાળા, આત્મસ્વરૂપમાં સ્થિત, સર્વોત્તમ વિદ્વાન હતા. કર્મરૂપ ગ્રંથિથી રહિત, અભય અને નવા આયુષ્યથી રહિત હતા.

૫. હત્થીસુ એરાવણમાહુ ણાએ, સીહો મિયાણં સલિલાણ ગંગા ।

પક્ખીસુ વા ગરુલે વેણુ દેવે, નિવ્વાણવાદીણિહ ણાયપુત્તે ॥

અર્થ : જેમ હાથીઓમાં ઐરાવત હાથી, પશુઓમાં સિંહ, નદીઓમાં ગંગા, પક્ષીઓમાં ગરુડ શ્રેષ્ઠ છે, તેમ મોક્ષવાદીઓમાં જ્ઞાતપુત્ર મહાવીર શ્રેષ્ઠ હતા.

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૮)**

૧. હજારો દેવોના નાયક ઈન્દ્ર છે તે દર્શાવતી ગાથા લખો.

**અણુત્તરં ધમ્મમિણં જિણાણં, ણેયા મુણી કાસવ આસુપણ્ણે ।**

**ઈંદે વ દેવાણ મહાણુભાવે, સહસ્સણેયા દિવિ ણં વિસિટ્ઠે ॥**

૨. અધ્યાત્મ દોષો જેમાં આવતા હોય તે દર્શાવતી ગાથા લખો.

**કોહં ચ માણં ચ તહેવ માયં, લોભં ચઉત્થં અજ્ઝત્થદોસા ।**

**એયાણિ વંતા અરહા મહેસી, ન કુવ્વઇ પાવ ન કારવેઇ ॥**

૩. ભગવાન મહાવીર કોના દુ:ખોને જાણતા હતા ? શેમાં કુશળ હતા? ત્રણે દિશામાં કયા જીવોને કેવા જાણ્યા હતા?

**સંસારી જીવોના, કર્મોના છેદનમાં. ત્રસ તથા સ્થાવર પ્રાણીઓને દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય જાણ્યા હતા.**

૪. વૃક્ષ, નાગકુમાર દેવતા, સત્ય વચન, પક્ષીમાં કોણ શ્રેષ્ઠ છે?

**શાલ્મલી વૃક્ષ, ધરણેન્દ્ર, અનવદ્ય, વેણુદેવ ગરુડ.**

**(૩) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

૧. સવ્વવારં **સર્વ આશ્રવદ્વાર** ૨. દિવિ ણં **દેવલોકમાં**

૩. ણિસંતં **નિશ્ચય કર્યો હોય** ૪. વેયઈત્તા **જાણીને**

૫. અણુપરિવટ્ટયંતિ **પ્રદક્ષિણા કરે છે.** ૬. સંખિંદુ **શંખ, ચંદ્ર સમાન**

**(૪) નીચેના શબ્દોનું માગધી લખો. (૪)**

૧. સ્થિત રહેલ છે **ચિટ્ઠઈ** ૨. મહાન ભવસમુદ્ર **મહાભવોઘં**

૩. પરમ શ્રેષ્ઠ **પરમત્થિ** ૪. સંસાર સાગરને તરનારા **ઓહંતરે**

**(આ) કાયસ્થિતિના આધારે લખો. (૩૦)**

**(૧) કોઠો બનાવીને નીચેના બોલની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો. (૧૦)**

| બોલનું નામ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧. અચરમ | – | **અનાદિ અનંત, સાદિ અનંત** |
| ૨. પદ્મ લેશ્યા | **અંતર્મુહૂર્ત** | **૧૦ સાગર ને અંત. અધિક** |
| ૩. બાદર વાઉકાય | **અંતર્મુહૂર્ત** | **૭૦ ક્રોડાક્રોડી સાગર** |
| ૪. સૂક્ષ્મ સંપરાય | **૧ સમય** | **અંતર્મુહૂર્ત** |
| ૫. સકાયી પર્યાપ્તા | **અંતર્મુહૂર્ત** | **પ્રત્યેક સો સાગર સાધિક** |
| ૬. ભવસ્થ સયોગી કેવળી અણાહારક | – | **અજઘન્ય અનુત્કૃષ્ટ ૩ સમય** |
| ૭. બાદર | **અંતર્મુહૂર્ત** | **અસંખ્યાતોકાળ (બાદરકાળ)** |

| | | |
|---|---|---|
| ૮. વિભંગજ્ઞાન | **૧ સમય** | **૩૩ સાગર ને દેશે ઉણું ક્રોડપૂર્વ અધિક** |
| ૯. કાયયોગ | **અંતર્મુહૂર્ત** | **અનંતકાળ (વનસ્પતિકાળ)** |
| ૧૦. પાકી કેરી | **અંતર્મુહૂર્ત** | **સંખ્યાતા હજાર વર્ષ** |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૧૩)**

૧. પુઢવીકાળ સમજાવો અને કાયસ્થિતિ એટલે શું? (૩)

**દ્રવ્યથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી. ક્ષેત્રથી અસંખ્યાત લોકના આકાશપ્રદેશ ખાલી થાય તેટલો કાળ. કાળથી અસંખ્યાતો કાળ. ભાવથી આંગુલના અસંખ્યાતમાં ભાગમાં આકાશપ્રદેશ જેટલો લોક.**

**કાયસ્થિતિ : પૃથ્વીકાય આદિ એક જ કાયનો જીવ તે જ કાયમાં વારંવાર જન્મ–મરણ કરે અને બીજી કાયમાં ન ઉપજે ત્યાં સુધીની સ્થિતિ.**

૨. સ્ત્રીવેદની જઘન્ય સ્થિતિ ૧ સમયની શા માટે છે? (૨)

**કોઇ સ્ત્રી ઉપશમ શ્રેણીમાં વેદનો ઉપશમ કરીને શ્રેણીથી પાછા પડતાં સ્ત્રી વેદનો એક સમય માટે અનુભવ કરીને, કાળ કરીને દેવલોકમાં ઉત્પન્ન થઈ જાય ત્યાં તે પુરુષવેદી થશે તેથી અહીં સ્ત્રી વેદનો અનુભવ માત્ર ૧ સમયનો થશે માટે.**

૩. અપડિવાઈ અવધિજ્ઞાનીની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી? **૬૬ સાગર સાધિક.** (૧×૮)

૪. બે અંતર્મુહૂર્તનો સરવાળો કેટલો થાય? શા માટે? **અંતર્મુહૂર્ત કારણ કે અંતર્મુહૂર્તના અસંખ્યાતા ભેદ છે.**

૫. ૧૬ થી ૧૮ દ્વારના નામ લખો. **૧૬) પરિત્ત ૧૭) પર્યાપ્ત ૧૮) સૂક્ષ્મ.**

૬. સા.અ. એટલે શું? **સાદિ અનંત.**

૭. સંખ્યાત કાળની સ્થિતિવાળા બોલ લખો. **બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય.**

૮. વાટે વહેતા કયો યોગ હોય છે? **કાર્મણ કાયયોગ.**

૯. નિયમા દેવલોકમાં કોણ જાય છે? **અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા જુગલિયા મનુષ્ય, જુગલિયા તિર્યંચ.**

૧૦. કઈ જગ્યાએ જીવોની સ્થિતિ સાદિ સાંત છે? **ઉપશમ શ્રેણીમાં.**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.** **(૭)**

૧. દ્રવ્ય ઈન્દ્રિયમાં કોનો સમાવેશ થાય છે? **ભવસ્થ કેવળી, સિદ્ધ**

૨. ચક્ષુદર્શનનો ઉત્કૃષ્ટ કાળ કોની અપેક્ષાએ હોય? **ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય**

૩. પરિત્તમાં કોનો સમાવેશ થાય છે? **કાય પરિત્ત, સંસાર પરિત્ત**

૪. પ પરથી શરૂ થતા દ્વારના નામ લખો. **પરિત્ત, પર્યાપ્ત**

૫. સાકાર ઉપયોગમાં શેનો સમાવેશ થાય છે? **જ્ઞાન, અજ્ઞાન**

૬. કોની લેશ્યા અંતર્મુહૂર્તમાં બદલાય છે? **મનુષ્ય, તિર્યંચ**

૭. સમકિત દ્વારમાં એક સમયની કોની કાયસ્થિતિ છે? **સાસ્વાદન સમકિત, વેદક સમકિત**

**(ઇ) બાર તપના આધારે લખો. (૧૫)**

**(૨) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૧૦)**

૧. પ્રતિસેવના એટલે પ્રાયશ્ચિત્ત લેતી વખતે લાગતા દોષ.

**ખોટું. પ્રતિસેવના એટલે પ્રાયશ્ચિત્ત લેવું પડે તેવા દોષોનું સેવન.**

૨. ગમતી વસ્તુમાં આનંદ માનવો તે રૌદ્રધ્યાન છે. **ખોટું. ગમતી વસ્તુમાં આનંદ માનવો તે આર્ત્તધ્યાન છે.**

૩. ઈંગિત મરણમાં દિશાની મર્યાદા કરે છે. **સાચું.**

૪. લાકડીની જેમ લાંબા સૂવું તે પ્રતિસંલીનતા તપ છે. **ખોટું. લાકડીની જેમ લાંબા સૂવું તે કાયકલેશ તપ છે.**

૫. તિવિહાર એ અનશન તપ છે. **ખોટું. તિવિહાર એ અનશન તપ નથી.**

૬. સાધુને આહાર આપવો તે વૈયાવચ્ચ તપ છે. **સાચું.**

૭. વ્યુત્સર્ગ અને કાયોત્સર્ગ એક જ તપ છે. **સાચું.**

૮. આભ્યંતર તપનું આચરણ તપ દ્વારા થાય છે. **ખોટું. આભ્યંતર તપનું આચરણ બાહ્ય તપ દ્વારા થાય છે.**

૯. પા ઉણોદરી તે ૨૪ કવલનો આહાર કરે. **સાચું.**

૧૦. યોગ પ્રતિસંલીનતાના ૧૨ ભેદ છે. **ખોટું. યોગ પ્રતિસંલીનતાના ૩ ભેદ છે.**

**(૨) અયોગ્ય વિકલ્પ પર ટીક કરો. (૫)**

૧. હલકા આહાર કયા હોય? (**મગ,** ચણા, વાલ)

૨. આતાપના ક્યારે લે? (**વરસાદ,** ઠંડી, ગરમી)

૩. કોને આવતા જોઈને ઉભા થવાનું છે? (**સંન્યાસી,** રત્નાધિક, ગુરુ)

૪ . માત્ર આલંબન અને અનુપ્રેક્ષા કયા ધ્યાનમાં છે? (**આર્ત્તધ્યાન,** ધર્મધ્યાન, શુક્લધ્યાન)

૫. સાધુ કેવો આહાર ન કરે? (પ્રશંસા, **વખાણ,** નિંદા)

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. અચેલક એટલે શું? **પરિમાણ પ્રમાણે સફેદ અને અલ્પમૂલ્યવાળા વસ્ત્રો રાખવાનો.**

૨. કયા પાણીથી અગ્નિ શાંત કરવાની છે? **આગમવાણી, શ્રુત, શીલ, તપ.**

૩. કઈ નૌકા સમુદ્ર પાર પહોંચાડતી નથી? **જે નૌકા છિદ્રવાળી–કાણાવાળી હોય તે.**

૪. ગૌતમ સ્વામી શેમાં નિપુણ હતા? **વિદ્યા, જ્ઞાન અને ચારિત્રમાં.**

૫. ચાતુર્યામ એટલે શું? **ચાર મહાવ્રતરૂપી ધર્મ.**

૬. આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકરના સાધુ કેવા હશે? **વક્ર અને જડ.**

૭. સ્નેહનું બંધન ક્યું હોય હોય છે? **રાગ-દ્વેષ, પુત્ર, પરિવાર, સ્વજન.**

૮. મોક્ષના વાસ્તવિક સાધન કયા છે? **સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર.**

૯.ચર્ચા સાંભળવા મનુષ્યમાં કોણ આવ્યું હતું?

**અનેક મતાવલંબી પરિવ્રાજકો, કુતૂહલી લોકો, મૃગ જેવા અજ્ઞાનીઓ અને હજારો ગૃહસ્થો.**

૧૦. કેશીકુમારને ક્યું જ્ઞાન હતું? **મતિ, શ્રુત, અવધિ.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. લતામાં ......, ......, ...... ભયંકર ઝેરી ફળ આવે છે. **આવેશ, આવેગ, લોભ**

૨. બાહ્ય આચારમાં ......, ...... અનુસાર ક્યારેક ભિન્નતા જણાય છે. **ક્ષેત્ર, કાળ**

૩. ...... ની ગતિ ...... ની ગતિથી અધિક હોય છે. **મન, વાયુ**

૪. પ્રાણીઓ માટે ......, ...... અને ...... રહિત સ્થાન આપ કોને માનો છો? **ક્ષેમકારી, કલ્યાણકારી, બાધા**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. ચિત્રં **કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ,**

**નીતં મનાગપિ મનો ન વિકાર માર્ગમ્ ।**

**કલ્પાન્ત કાલ મરુતા ચલિતાચલેન,**

**કિં મન્દરાદ્રિશિખરં ચલિતં** કદાચિત્? ॥

**અર્થ : હે નિર્વિકારી પ્રભુ ! દેવાંગનાઓ તમારા મનને જરાપણ વિકારમય બનાવી ન શકી તો તેમાં આશ્ચર્ય શું છે? કારણ કે બીજા બધા પર્વતોને ચલાયમાન કરનાર પ્રલયકાળનો પ્રચંડ પવન પણ શું કદાપિ મેરુ પર્વત ના શિખરને કંપાવી શકે છે ખરો ?**

૨. ત્વામ **વ્યયં-વિભૂમચિન્ત્ય-મસંખ્યમાદ્યં,**

**બ્રહ્માણ-મીશ્વર-મનન્તમનંગકેતુમ્ ।**

**યોગીશ્વરં વિદિત યોગમનેકમેકં,**

**જ્ઞાન સ્વરૂપમમલં પ્રવદન્તિ** સન્ત :॥

**અર્થ : સંત પુરુષો આપને જુદાં જુદાં નામે સંબોધે છે, જેમકે અવિનાશી, ઐશ્વર્યશાળી, અચિંત્ય, અસંખ્ય ગુણોના ધારક, ધર્મની આદિ કરનારા બ્રહ્મ, ઈશ્વર, અનંત (કાળનો અંત કરનાર), અનંગકેતુ (વિકારનો નાશ કરવામાં કેતુ ગ્રહ સમાન), યોગીશ્વર (યોગોને જીતનાર), વિદિતયોગ (મોક્ષમાર્ગની સાધનાના જાણનાર), એક (જીવ દ્રવ્યની અપેક્ષાએ), અનેક (ગુણ, પર્યાયની અપેક્ષા), કેવળજ્ઞાની, અમલ (સર્વથા કર્મમળથી રહિત).**

૩. **નિત્યો  દયં દલિતમોહ મહાન્ધકારં,**

**ગમ્યં ન રાહુ વદનસ્ય ન વારિદાનામ્ ।**

**વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પકાન્તિ,**

**વિદ્યોતયજ્જગદપૂર્વ શશાઙ્ક  બિમ્બમ્ ।।**

**અર્થ : જે નિત્ય ઉદયમાન છે, જેણે મોહરૂપી મહાઅંધકારને દૂર કર્યો છે, જેને રાહુ કદાપિ ગ્રસી શક્તો નથી કે કાળાં ઘોર વાદળાં પણ જેને આવરી શક્તા નથી, એવું અતિશય કાંતિવાળું અને જગતને વિશેષપણે પ્રકાશ આપનારું, અનેરા ચંદ્રબિંબ સરખું આપનું મુખકમળ શોભી રહ્યું છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૩)**

૧. દિવસે શું પ્રયોજન તે દર્શાવતી ગાથા લખો.

**કિં શર્વરીષુ શશિનાઽહ્નિ વિવસ્વતા વા?।।**

**યુષ્મન્મુખેન્દુ દલિતેષુ તમસ્સુ નાથ !**

**નિષ્પન્ન શાલિવન શાલિનિ જીવલોકે,**

**કાર્યં કિયજ્જલધરૈર્જલભાર નમ્રૈ : ।।**

૨. પૂર્વ દિશા કોને જન્મ આપે છે?  **પ્રકાશમાન કિરણના સમૂહથી યુક્ત એવા સૂર્યને.**

**જય – જિનેન્દ્ર**


❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.

❋ NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.

❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.

❋ FOR BOOKS AND EXAM REGISTRATION.